RNI No.: GUJGUJ/2015/65690

# ૐકાર સંપ્રદાય

ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષઃ ૧૦ | અંકઃ ૧૦ | એપ્રિલ - ૨૦૨૫ | કિંમતઃ ૧૦/-



# જાહેર આમંત્રણ



શ્રી ક્ષેત્રપાળવીર દાદા



ૐકાર શ્રી જીરાઉલા પાર્શ્વનાથ ભગવાન

## ચાલો ૐકારધામ તીર્થની ધન્ય ધરા ઉપર
## ૐકારધામ તીર્થની અગિયારમી સાલગીરી
## નિમિત્તે

# ધજા મહોત્સવ



ૐકારધામ તીર્થની અગિયારમી સાલગીરી નિમિત્તે ધજા મહોત્સવના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આપ સૌ ભક્તજનોને આ ધજા મહોત્સવ પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે ભાવભર્યુ આમંત્રણ છે.

ૐકારધામ તીર્થની સાલગીરીના દિવસે આપ સૌ ભક્તોને આ પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ, પાલડી, અમદાવાદથી બસોની વ્યવસ્થા નિઃશુલ્ક ગોઠવવામાં આવી છે.

આપ આ પ્રસંગમાં બસ દ્વારા આવવા માંગતા હોય તો આપનું નામ અને મોબાઈલ નંબર વહેલા તે પહેલાના ધોરણે નીચે આપેલા વોટ્સઅપ નંબર પર મોકલી આપવા નમ્ર વિનંતી છે.

**શુભ તારીખ**

૨૫-૫-૨૦૨૫, રવિવાર
વૈશાખ વદ-૧૩

**નવકારશી (સવારનો નાસ્તો)**

સવારે ૭ થી ૭.૩૦ કલાક સુધી

**ધજા મહોત્સવનો સમય**

સવારે ૮ થી ૧૧ કલાક સુધી

**મહાપ્રસાદ (બપોરનું ભોજન)**

સવારે ૧૧ થી
બપોરે ૧૨-૩૦ કલાક સુધી




**શુભ સ્થળ**




## ૐકારધામ તીર્થ,

વિરમગામ-શંખેશ્વર હાઇવે, પાનવા ગામની બાજુમાં, પાનવા, શંખેશ્વર

9429208997



|| ૐ નમઃ ||

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ

**સહતંત્રી** મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)



૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯



**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

એપ્રિલ-૨૦૨૫ | પાના નં: ૨૪
વર્ષ: ૧૦ | અંક: ૧૦
કિંમતરૂ.: ૧૦/-


# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

પરમ પૂજ્ય ગુરુજીનું માનવું છે કે ૨૦૨૫ના વર્ષથી એટલેકે એપ્રિલની ૧૨ તારીખ પછી સમયનો પ્રવાહ ચોક્કસ બદલાશે. પરંતુ જો આપ ૐકાર ચાલીસાનું નિત્ય પઠન અને લેખન કરતા રહેશો તો આવનારા અઢી વર્ષના ખરાબ સમયમાં તમારો અચૂક બચાવ થશે.

ૐકાર ચાલીસા એ એવી દિવ્ય ચૈતન્યરૂપી ગાથા છે કે જેના માધ્યમથી આપના જીવનમાં પ્રવેશ કરતા કષ્ટો દરવાજેથી જ દૂર થઈ જાય છે તેમજ આપના જીવનમાં ચાલતા કષ્ટોમાંથી પણ આપને મુક્તિ અપાવે છે.

ૐકાર સંપ્રદાયના બધાં જ અનુયાયીઓને પરમ પૂજ્ય ગુરુજીનો આદેશ છે કે વિશ્વશાંતિ માટે રોજ એક ૐકાર ચાલીસા અવશ્ય કરે.

ૐકાર સંપ્રદાયના તંત્રી તરીકે આપના તરફથી મળતા સહયોગ બદલ હું આભાર માનુ છું. પરમ પૂજ્ય ગુરુજી રચિત એક ગઝલ હું અહીં લખી રહ્યો છું.

**'મોજ'**

**કોઇપણ ઉજ્જડ જગાને સાચવી ઉપવન કરો,**
**એ રીતે જ્યાં હોવ, એ સૌ ચીજને પાવન કરો;**
**એ જ શત્રુ છે તમારો એટલું સમજ્યા પછી,**
**હોય તો કરવો તમારા ક્રોધને દુશ્મન કરો;**
**એ જ કારણથી તમારું કાળજું પલટી ગયું,**
**આપને કોણે કહ્યું'તુ આપ શીર્ષાસન કરો?**
**પુષ્પ માફક શ્વાસ પણ મહેકી ઉઠે પ્રત્યેક ક્ષણ,**
**આપ એવી રીતે સંબંધોનું સંચાલન કરો;**
**જિંદગી જીવવામાં આવે મોજ, મસ્તી ને મજા,**
**દોસ્ત એવું જિંદગીમાં કોઇ આયોજન કરો.**

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો તેમજ દિવ્ય સાધનાઓ દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥



# નારદ જયંતિ

## નારાયણ ભક્તશ્રી નારદજી જેવી ભક્તિ પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધના

પુરાણો અનુસાર દર વર્ષે વૈશાખ મહિનાની પૂનમ પછીની તિથિના દિવસે દેવર્ષિ નારદ જયંતિ મનાવવામાં આવે છે. નારદજીને બ્રહ્મદેવના માનસપુત્ર માનવામાં આવે છે. બ્રહ્માજીના કંઠમાંથી તેમની ઉત્પત્તિ થઈ હતી. તેમને બ્રહ્માના સાત માનસપુત્રોમાંથી એક માનવામાં આવે છે. દેવર્ષિ નારદ દેવતાઓના ઋષિ છે, આ જ કારણે તેમને દેવર્ષિ નારદ કહેવામાં આવે છે. એ બ્રહ્મમુહુર્તમાં બધી જીવોની ગતિ જોતાં રહે છે. તેઓ અજર-અમર છે. દેવર્ષિ નારદ ધર્મનાં પ્રચાર તથા લોક કલ્યાણ હેતુ સર્વદા સર્વત્ર વિચરણ કર્યા જ કરે છે.

દેવર્ષિ નારદ શ્રુતિ-સમૃતિ, ઈતિહાસ, પુરાણ, વ્યાકરણ, વેદાંગ, સંગીત, ખગોળ-ભૂગોળ, જ્યોતિષ, યોગ આદિ અનેક શાસ્ત્રોમાં પારંગત છે. દેવર્ષિ નારદ આત્મજ્ઞાની, ત્રિકાલ જ્ઞાની, નૈષ્ઠિક બ્રહ્મચારી, વીણા દ્વારા નિરંતર પ્રભુ ભક્તિના પ્રચારક, ત્રિલોકી પર્યટક, ચારેય પુરૂષાર્થનાં જ્ઞાતા, વિનયશીલ, આનંદરત, પરમયોગી, તપસ્વી તરીકે ઈન્દ્રલોકમાં, વિષ્ણુલોકમાં, બ્રહ્મલોકમાં, રાક્ષસલોકમાં, અવતારલોકમાં તેમજ પૃથ્વીલોક પર સમયાંતરે ભ્રમણ કરતા જ રહે છે. સરળ ભાષામાં કહીએ તો સતત એક સ્થળેથી બીજા સ્થળે મુસાફરી કરી અને અલગ અલગ લોકની વાત પોતાની જ્ઞાનચક્ષુથી અને જ્ઞાન શક્તિથી એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડે છે.

કહેવાય છે કે કઠીન તપસ્યા પછી જ નારદજીને બ્રહ્મર્ષિ પદ પ્રાપ્ત થયું હતું. નારદજી ખૂબ જ જ્ઞાની છે, આ જ કારણે એ દૈત્ય હોય કે દેવી દેવતાઓ હોય એ બધાં જ વર્ગોમાં બેહદ આદર અને સત્કારને પાત્ર છે. પુરાણોમાં એવું લખવામાં આવ્યું છે કે રાજા પ્રજાપતિ દક્ષે નારદજીને શ્રાપ આપ્યો હતો કે એ બે મિનિટથી વધારે એક જગ્યાએ ક્યાંય રોકાઈ નહીં શકે!!! આ જ કારણ છે કે નારદજી વારંવાર યાત્રા કરતા રહે છે. કહેવાય છે કે ભગવાન રામ અને માતા સીતાના વિયોગનું કારણ નારદમુનિએ આપેલો શ્રાપ પણ કારણભૂત છે.

દેવર્ષિ નારદ વ્યાસ, વાલ્મિકી તથા મહાજ્ઞાની શુકદેવ આદિના ગુરુ હતાં. દેવર્ષિ નારદનાં અગણિત મહાન કાર્યો છે. જેવા કે ઈન્દ્રદેવને સમજાવીને ઉર્વશીનો પુરૂરવા સાથે પરિણય સૂત્ર કરાવ્યું, કંસને આકાશવાણીનો અર્થ સમજાવ્યો, વાલ્મિકીજીને રામાયણ લખવાની પ્રેરણા આપી, વ્યાસજી પાસે ભાગવતની રચના કરાવી, ભૃગુ કન્યા લક્ષ્મીનો વિવાહ ભગવાન વિષ્ણુ સાથે કરાવ્યો, પ્રહલાદ અને ધ્રુવને ઉપદેશ આપીને મહાન ભક્ત બનાવ્યા, ઈન્દ્ર-ચંદ્ર-વિષ્ણુ-શંકર-યુધિષ્ઠિર-રામ-કૃષ્ણ આદિને ઉપદેશ આપીને કર્તાવ્યાભિમુખ



॥ ૐ નમઃ ॥

કર્યા આવા કંઈક કેટલાય મહાન કાર્યો દેવર્ષિ નારદે કરેલાં છે. એમનું જીવન મંગલ માટે જ છે!!!

આ સાધના કરવાથી શું ફાયદા થાય? એના ફાયદા નીચે પ્રમાણે છે.

(૧) દેવર્ષિ નારદ જ્ઞાની છે.

(૨) એમની સાધના જે માતા-પિતા અથવા સંતાન કરે તો એમનું જ્ઞાનબળ અને સંતાનોનું વિદ્યાબળ ખૂબજ પ્રબળ બનશે.

(૩) વાત કરવાની ચાતુર્યતા આ સાધના કરવાથી આપને પ્રાપ્ત થશે કારણકે દેવર્ષિ નારદમુનિમાં વાતચાતુર્ય ખૂબ જ છે.

(૪) દેવર્ષિ નારદ બ્રહ્માંડના પ્રથમ સંગીતજ્ઞ છે, માટે એમની સાધના કરનાર સંગીતમાં રૂચિ દાખવનાર વ્યક્તિના સૂર, લય અને તાલ સમૃદ્ધ બને.

(૫) જે ભક્તો પોતાની ભક્તિની ક્ષમતા વધારવા ઈચ્છતા હોય એ ભક્તજનોની ભક્તિ ચાહે એ ધાર્મિક હોય કે આધ્યાત્મિક એ ખૂબ જ પ્રબળ બને, કારણકે દેવર્ષિ નારદ આઠે પ્રહર ભગવાન શ્રી હરિનાં જાપ કરવામાં અને શ્વાસે-શ્વાસે નારાયણ નારાયણ નું રટણ કરવામાં મગ્ન રહે છે.

(૬) દેવર્ષિ નારદ સતત ભ્રમણ કરતા રહે છે માટે જે લોકો પોતાના કાર્ય માટે જેને ટુરમાં જવું પડતું હોય છે એવા ભક્તજનોની ટુર પોતાના કાર્ય માટે સફળ થાય એવું આ સાધનાથી અચૂક બનશે.

(૭) ગર્ભવતી મહિલાઓ અને જેના સંતાનનો જન્મ થયે ૧૨ મહિના પણ ના થયા હોય એવી દરેક માતાઓએ આ સાધના અચૂક કરવી જોઈએ જેથી એમનું સંતાન જ્ઞાની અને બુદ્ધિશાળી બને.

**તારીખ : ૧૩-૫-૨૦૨૫ના રોજ દેવર્ષિ નારદ જયંતિ છે માટે એ દિવસથી દેવર્ષિ નારદની સાધના ઉપરના મુદ્દા જેને લાગુ પડતા હોય એ દરેક વ્યક્તિ કરી શકે છે.**

**દિવ્યમંત્ર : ॥ ૐ નારાયણ વિષ્ણુયાય નારદ નમઃ ॥**

**ઉપર આપેલ મંત્ર ૪ મહિનામાં ૧૮૦૦૦ વખત કરીને સિદ્ધ કરવો.**

॥ ૐ નમઃ ॥



# વટસાવિત્રી વ્રત

## આજના કળિયુગમાં સ્ત્રીએ શક્તિમાન અને સમૃદ્ધ બનવા તેમજ તેની મનોકામના પૂર્ણ થાય તે માટે વટસાવિત્રી વ્રત-મંત્રસાધના

વટસાવિત્રી વ્રત હિન્દુ પરંપરા અનુસાર હિન્દુ સ્ત્રીઓ પોતાના પતિની લાંબી ઉંમર માટે તેમજ સંતાનની પ્રાપ્તિ માટે ખૂબ જ આસ્થા અને શ્રદ્ધાથી આ વ્રત કરે છે. ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિમાં આ વ્રત આદર્શ નારીના પ્રતિક સમાન સાબિત થઈ ચૂક્યું છે. આ વ્રતની તિથિને લઈને અલગ અલગ મત છે.

સ્કંદપુરાણ અને ભવિષ્યોત્તર પુરાણના પ્રમાણે જેઠ માસની પૂર્ણિમાના દિવસે આ વ્રત કરવાનું વિધાન છે.જ્યારે નિર્ણયામૃત વગેરે અનુસાર જેઠ માસની અમાસના દિવસે આ વ્રત કરવાનું કહેવામાં આવે છે. તિથિઓમાં ભલે ભિન્નતા ચોક્કસ છે પરંતુ આ વ્રતનું લક્ષ્ય એક જ છે, પોતાના પતિના સૌભાગ્યની વૃત્તિ અને પતિવ્રત ધર્મનું અને સંસ્કારોનું પાલન આ વ્રત કરીને સ્ત્રીઓ કરે છે.

ભગવાન વિષ્ણુના ઉપાસકો આ વ્રતને પૂનમના દિવસે કરવાનું વધારે હિતકર માને છે. વટસાવિત્રી વ્રતમાં ‘વટ’ અને ‘સાવિત્રી’ બંન્નેનું મહત્ત્વ ખૂબ માનવામાં આવ્યું છે. વટ એટલેકે વડનાં ઝાડનું મહત્ત્વ વિશેષ બતાવવામાં આવ્યું છે.પુરાણોમાં આ વાત સ્પષ્ટ છે કે વટના વૃક્ષમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેયનો વાસ છે. વટવૃક્ષની નીચે બેસીને પૂજન, વ્રતકથા સાંભળવાથી મનોકામના પૂર્ણ થાય છે.

દાર્શનિક દૃષ્ટિએ જો એની સમીક્ષા કરીએ તો વટવૃક્ષ લાંબી ઉંમર અને અમરત્ત્વનાં ઉપદેશના પ્રતિક સમાન છે. વટવૃક્ષને જ્ઞાન અને નિર્માણનું પ્રતિક પણ કહેવામાં આવે છે કારણકે ભગવાન બુદ્ધને આ વૃક્ષની નીચે જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

વટવૃક્ષનું પૂજન અને સાવિત્રી સત્યવાનની કથાના સ્મરણના કારણે આ વ્રત વટસાવિત્રીના નામે પ્રસિદ્ધ થયું. સાવિત્રીને ભારતીય સંસ્કૃતિમાં એક ઐતિહાસિક કીરદાર માનવામાં આવે છે. સાવિત્રીનો

જન્મ વિશિષ્ટ પરિસ્થિતિઓમાં થયો હતો. ઘટના એવી છે કે ભદ્ર દેશનાં રાજા અશ્વપતિને કોઈ સંતાન ન હતું. રાજાએ સંતાન પ્રાપ્તિ માટે મંત્રોચ્ચારની સાથે સાથે મહાયજ્ઞ કરી રોજની એક લાખ આહુતિ યજ્ઞમાં આપતા હતા. અઢાર વર્ષ સુધી આ ક્રમ ચાલુ રહ્યો ત્યારબાદ સાવિત્રીદેવીએ પ્રગટ થઈને રાજાને વરદાન આપ્યું અને કહ્યું કે રાજા તારા મહાયજ્ઞની ભક્તિથી હું ખૂબ ખુશ છું. તારા નસીબમાં સંતાન ન હતું પરંતુ મહાયજ્ઞમાં આપેલી તારી મનોકામનાની આહુતિથી જે પુણ્ય તને પ્રાપ્ત થયું છે તેના બદલે હું તને એક તેજસ્વી કન્યાનું વરદાન આપું છું.

દેવી સાવિત્રીની કૃપાથી જે દીકરીએ રાજાને ત્યાં જન્મ લીધો એ દીકરીનું નામ સાવિત્રી રાખવામાં આવ્યું. સાવિત્રી મોટી થઈ ત્યારે ખૂબ જ સ્વરૂપવાન હતી અને એના જેવો યોગ્ય વર સાવિત્રીને મળતો ન હતો માટે તેના પિતા રાજા અશ્વપતિ ખૂબ જ દુઃખી હતા. રાજાએ સ્વયં પુત્રી સાવિત્રીને પોતાના વરની શોધ માટે મોકલી. સાવિત્રી પોતાના વરની શોધમાં તપોવનમાં ભટકવા લાગી. ત્યાં તેને સાલ્વદેશનાં રાજા દ્યુમત્સેન મળ્યા કારણકે એમનું રાજ્ય દુશ્મનોએ પચાવી લીધું હતું. આ રાજાના પુત્ર સત્યવાનને જોઈને જ સાવિત્રીએ એમને પતિનાં રૂપમાં સ્વીકાર કરી લીધા. સાલ્વદેશ માટે એવું કહેવાય છે કે આ દેશ રાજસ્થાનનાં પૂર્વ ભાગમાં હતો. સત્યવાનનું આયુષ્ય અલ્પ હતું. સત્યવાન પોતે વેદનાં જ્ઞાતા હતા. સ્વયં નારદમુનિએ સાવિત્રીને મળીને સત્યવાન સાથે વિવાહ ન કરવાની સલાહ આપી હતી. પરંતુ સાવિત્રી સત્યવાનને પોતાના પતિ તરીકે મનોમન સ્વીકારી ચૂકી હતી.

પતિની મૃત્યુ તિથિ નજીક આવતી હતી ત્યારે સ્વયં જ્ઞાની નારદમુનિએ સાવિત્રીને એક દિવ્ય સાધના કરવાની સલાહ આપી. નારદમુનિ દ્વારા આપેલ દિવ્ય સાધના સાવિત્રીએ કરી અને યમરાજ પાસેથી પોતાના પતિ સત્યવાનનાં પ્રાણ પાછા લેતી આવી. આજના કળિયુગનાં સમય પ્રમાણે જ્યારે સ્ત્રી દરેક ઘરમાં આજે પોતાનું કાર્ય ઘર અને બહાર બંન્ને જગ્યાએ કરી નારી શક્તિનું જે પ્રબળ ઉદાહરણ સમાજને આપે છે એ દરેક સ્ત્રીઓ માટે પોતાની શક્તિ અને સામર્થ્યને ઉજાગર કરી પોતાની શક્તિનો વધુ ઉપયોગ કરી શકે તે માટે વટસાવિત્રીના દિવસે કરવાની મંત્રસાધના આપને હું આપુ છું.

આ મંત્ર સાધના કરતી વખતે નીચે આપેલા મંત્રની એક માળા (૧૦૮ મણકાની) કરી ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ એકવાર કરવો.

**મંત્ર : ॥ ૐ સિદ્ધાત સાવિત્રી પ્રવામ નમઃ ॥**

**ખાસ નોંધ :**

(૧) આ સાધના આજના આ યુગમાં દરેક સ્ત્રી / જે યોગ્ય જીવનસાથી ઈચ્છતા હોય તે / ભણતી વિદ્યાર્થીનીઓ જ્ઞાનશક્તિ પ્રાપ્ત કરવા આ વ્રત કરી શકે છે. આ વ્રતસાધના દરેક સ્ત્રી અને છોકરીઓના જીવનમાં ખૂબ જ ઉત્તમ પરિણામ આપશે.

(૨) ઘરની દરેક સ્ત્રી તેમજ કુંવારિકાઓ જે કોઈપણ ધર્મ પાળતું હોય તે દરેક સ્ત્રી આ વ્રત કરી શકે છે.

# શનિ જયંતી



## ભગવાન શનિદેવની કૃપા પ્રાપ્ત કરવા માટે શનિ જયંતીના પાવન દિવસથી કરવાની મંત્રસાધના

શનિ જયંતીના પાવન દિવસથી ભગવાન શનિદેવની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે આજે હું આપને ૮૧ દિવસની મંત્રસાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ લાકડાનો એક બાજઠ અથવા પાટલો લેવો. એના ઉપર કાળા કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ એ વસ્ત્ર ઉપર એક મુઠ્ઠી કાળા તલની ઢગલી, લોખંડની સાત ખીલી અને ૧૦રૂપિયાનો સિક્કો સ્થાપનમાં મુકવો. તે પછી નીચે આપેલ ૐ શ્રી શનિદેવ સાડાસાતી મુક્તિ ચક્રનું કટીંગ કરી એનું લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. હવે નીચે આપેલ મંત્રની એક માળા (૧૦૮ મણકાની) સ્થાપનની સામે બેસીને કરવી અને આપની મનોકામનાનો સંકલ્પ કરી ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.

**મંત્ર : ।। ૐ શનિત્ય શનિત્ય સતસાતી મુક્તિ નમઃ ।।**

| | | |
|---|---|---|
| **સાધના કેટલા દિવસ કરવી?** | : | આ સાધના શનિ જયંતીના દિવસથી શરૂ કરીને કુલ ૮૧ દિવસ કરવી. વચ્ચે કોઇ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૮૧ દિવસ ગણીને આ સાધના પરિપૂર્ણ કરવી. |
| **સાધના કરવાનો સમય** | : | આખા દિવસમાં ગમે તે સમયે કરી શકાય. |
| **સ્થાપન કરવાનો સમય** | : | શનિ જયંતીના દિવસે સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધીમાં સ્થાપન કરવું. |

**કયા કલરનું વસ્ત્ર પહેરવું? :** કોઇપણ કલરનું વસ્ત્ર પહેરીને આ સાધના કરી શકાય. સાધના કરતી વખતે ખભા ઉપર કાળા કલરનો ખેસ રાખવો.

**ઉત્થાપન કરવાનો સમય :** સાધના પરિપૂર્ણ થાય એના પછીના દિવસે ઉત્થાપન કરવું. સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ ૧૦ રૂપિયાનો સિક્કો તિજોરીમાં કે કબાટમાં કે પાકીટમાં મુકી દેવો અને બીજી બધી વસ્તુઓ ચક્ર સાથે નદીમાં વિસર્જન કરી દેવી.

**એક જ સ્થાપન ઉપર ઘરના અન્ય સભ્યો પણ આ સાધના કરી શકે છે.**

**આ વખતે શનિ જયંતી તારીખ : ૨૭-૦૫-૨૦૨૫, મંગળવારના રોજ છે.**

ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐ શ્રી શનિદેવ સાડાસાતી મુક્તિ ચક્ર**

| | | |
|---|---|---|
| ॥ ॐ शनिवाः ८॥ | ॥ ॐ मुक्तिताः ८८॥ | ॥ ॐ निवम्यः ८८८॥ |
| ॥ ॐ वदम्यः ८॥ | ॥ ॐ शनित्यः १७॥ | ॥ ॐ शनिरक्षाः २६॥ |
| ॥ ॐ कवतः ८०॥ | ॥ ॐ रवतः ७१॥ | ॥ १०७:॥ |

॥ ૐ નમઃ ॥

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન લાલ કલરનાં વસ્ત્રમાં મગના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લીલા કલરનાં વસ્ત્રમાં ઘઉના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને સફેદ વસ્ત્રમાં કઠોળ - ચણાના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન કેસરી વસ્ત્રમાં ચોખાના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ આસમાની વસ્ત્રમાં વાલના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ વસ્ત્રમાં સીંગના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# ચમત્કારને નમસ્કાર

(આ વાર્તા સંપૂર્ણ સત્યઘટના છે અને પાત્રોના નામ પણ સાચા છે.)

"મમ્મી મારાથી પથારીમાંથી બેઠું થવાતું નથી." આઠ વર્ષના પ્રિતેશે એની મમ્મીને રડમસ અવાજે કહ્યું હતું.

"સવારના આઠ વાગ્યા છે. હવે તારું ખોટું નાટક બંધ કરી પથારીમાંથી બેઠો થઇ જા. અત્યારે વેકેશન છે, સ્કૂલે તો તારે જવાનું નથી, પછી આવા નકામા નાટક શું કરવા કરે છે?" પ્રતિમાબેન પગ પકડીને પ્રિતેશને પથારીમાંથી બેઠો કરવા ગયા.

પ્રતિમાબેનનો હાથ લાગ્યો ત્યારે પ્રિતેશના મોઢામાંથી ચીસ નીકળી ગઇ. એના બંન્ને ઢીંચણ અને બંન્ને પગની ઘૂંટી ઉપર સોજા આવી ગયા હતાં.

પ્રિતેશના પગમાં આવેલા સોજા જોઇને પ્રતિમાબેને પ્રિતેશના પપ્પા અશોકભાઇને બૂમ પાડીને બોલાવ્યા હતાં.

અશોકભાઇ પ્રિતેશના બંન્ને ઢીંચણ અને બંન્ને પગની ઘૂંટીમાં આવેલા સોજા જોઇને થોડીક ક્ષણો માટે અવાક થઇ ગયા હતાં. એમણે તરત ફેમિલી ડો. નગીનભાઇ વોરાને ઇમરજન્સીમાં ઘરે વીઝીટ કરવા માટે ફોન કરીને બોલાવ્યા હતાં.

આઠ વર્ષના પ્રિતેશનો આખો પરિવાર ડો. નગીનભાઇની આસપાસ એકત્રિત થઇ ગયો હતો. "મને લાગે છે કે કશુંક બહારનું ખાટું ખાવા-પીવામાં આવી ગયું છે અને એટલે જ ઢીંચણ અને પગની ઘૂંટીમાં સોજા આવ્યા હોય એવું લાગે છે. હું દવા અને ઇંજેક્શન આપી દઉં છું. જો બે દિવસમાં સોજા ના ઉતરે તો બાળરોગ નિષ્ણાંત ડો. દુધિયા સાહેબને બતાવવું પડશે." ડો. નગીનભાઇએ પરિવારજનોને સમજાવતા કહ્યું હતું.

"મારે ઇંજેક્શન નથી લેવું." પ્રિતેશના આ શબ્દો ઇંજેક્શનની સોયની વેદનામાં ખોવાઇ ગયા.

પ્રિતેશનો આખો પરિવાર એની આવી હાલત જોઇ ચિંતાતુર થઇ ગયો હતો, કારણકે જીવનમાં પહેલીવાર આઠ વર્ષના છોકરાને બંન્ને ઢીંચણ અને બંન્ને પગની ઘૂંટીમાં સોજા આવે, રાત્રે સૂઇ ગયો હોય ત્યારે કશું જ ના હોય અને સવારે ઉઠે ત્યારે આવા સોજા જોવા મળે એવો પ્રસંગ જીવનમાં પહેલીવાર જોયો હતો. આવા પ્રકારની કોઇ બિમારીની વાત પણ કોઇ બાળક માટે એમણે સાંભળી ન હોવાના કારણે બધાંને ખૂબ જ અજૂગતું લાગી રહ્યું હતું.

"આખો દિવસ સોસાયટીમાં રમ્યા કરે છે અને ભાઇબંધો સાથે રખડ્યા કરે છે. મને લાગે છે કે એનો પગ કુંડાળામાં પડી ગયો છે. માટે એની નજર ઉતરાવીશું એટલે સારું થઇ જશે." દાદી કંચનબેને આ વણઉકલ્યો કોયડો ઉકેલવાનો પોતાની રીતે પ્રયત્ન ચાલુ કર્યો હતો.

અસહ્ય પીડામાં કણસતા પ્રિતેશને પરિવારના સદસ્ય જોઇ શકતા ન હતાં. આખો દિવસ દોડાદોડ કરતો પ્રિતેશ એક જ રાતમાં પથારીમાંથી હલી પણ શકતો ન હતો. સગાં-સંબંધીઓ અને પાડોશીઓ માટે પણ આ વાત નવાઇ પમાડે એવી હતી.

સમયચક્રએ આઠ કલાકમાં જ એક કૂમળા ફૂલ જેવા બાળકને પોતાના શકંજામાં એક ચક્રવ્યૂહ બનાવી ઘેરી લીધો હતો. સમય પોતે દ્રોણાચાર્ય બન્યો હતો અને પ્રિતેશને અભિમન્યુ બનાવીને સમયે ખૂબ જ આક્રમકતાથી એને મસળવાનું શરૂ કર્યું હતું. એ દિવસે રાત સુધી પગના સોજા ડોક્ટરના ઇંજેક્શન અને દવાથી ઉતર્યા નહિ.

એ દિવસે જ રાત્રે નવ વાગે દાદી કંચનબેને

બોલાવેલ છ ફૂટથી વધુ ઊંચો, ધોતી અને ઝભ્ભો પહેરેલ કાળો ડિબાંગ એક પુરૂષ હાથમાં મોરપીંછથી બનાવેલા પંખા જેવું લઇને દેખાવમાં ખૂબ જ ડરામણો એક ભાઇ પ્રિતેશની નજર ઉતારવા આવ્યો હતો. પથારમાં સૂતેલા પ્રિતેશનું એણે નિરિક્ષણ કર્યું હતું.

"આ છોકરાને નજર લાગી ગઇ છે. નજર ઉતરશે એટલે સારું થઇ જશે." આટલું કહી એણે પ્રિતેશને માથા અને શરીર ઉપર મોરપીંછથી બનાવેલો પંખો ધીરે-ધીરે મારવાનું શરૂ કર્યું હતું.

શરીરમાં અસહ્ય વેદનાથી ગ્રસ્ત પ્રિતેશ આ પંખાના હળવા પ્રહારો પણ સહન કરી શકે એવી અવસ્થામાં ન હતો. એટલે એ ચીસો પાડી રહ્યો હતો.

"કાલ સવાર સુધીમાં સારું થઇ જશે." સો રૂપિયાની નોટ લઇ એ છ ફૂટના ઊંચા ડરામણા માણસે વિદાય લીધી હતી.

આખી રાત પ્રિતેશે અને એની મમ્મી પ્રતિમાબેને જાગતા કાઢી, કારણકે પ્રિતેશને ઊંઘ આવી રહી ન હતી, કારણકે એના શરીરમાં દુઃખાવો અસહ્ય થઇ રહ્યો હતો.

મોરપીંછના પ્રહારો પણ સવાર સુધીમાં નિષ્ફળ સાબિત થઇ ગયા હતાં.

"આપણે કાલે ડો. દુધિયાને બતાવી દઇએ. મને લાગે છે કે ચોક્કસ આને કોઇક શારીરિક રોગ થયો છે." પિતા અશોકભાઇએ દીકરો જલ્દી સાજો થઇ જાય એ માટેની મેડિકલ કવાયત શરૂ કરી હતી.

બીજા દિવસે સવારે દસ વાગે ડો. દુધિયા જે બાળરોગ નિષ્ણાંત છે એમના ત્યાં પ્રિતેશને ઉંચકીને એના પિતા એને ડો. દુધિયાના દવાખાનામાં લઇ ગયા. દર્દીઓની લાઇન ખૂબ હોવાના કારણે બે કલાકે નંબર આવ્યો હતો.

ડો. દુધિયા એ વખતે અમદાવાદમાં બાળરોગ નિષ્ણાંતમાં નંબર વન ગણાતા હતાં.

"મારા નિદાન પ્રમાણે બની શકે કે પડવા-વાગવાથી આવો સોજો આવ્યો હોય, માટે એક્સ-રે અને બ્લડ ટેસ્ટ કરાવી લો. પછી જ શું થયું છે એની ચોક્કસ ખબર પડશે." પ્રિતેશનું ચેક-અપ કર્યા બાદ ડો. દુધિયા બોલ્યા હતાં.

પ્રિસ્ક્રિપ્શનમાં ડો. દુધિયાએ એક્સ-રે પડાવવાની અને બ્લડ ટેસ્ટ કરાવવાની વિગતો લખી હતી.

એ સમયમાં બ્લડ ટેસ્ટ અને એક્સ-રે એ આજના સમયની જેમ કોમન ન હતાં. બ્લડ ટેસ્ટ તો મોટી માંદગીની શંકા હોય તો જ ડોક્ટર કરાવતા હતાં.

એક્સ-રે પડાવીને અને બ્લડ ટેસ્ટનું સેમ્પલ આપીને જ્યારે પ્રિતેશને એના માતા-પિતા ઘરે લઇને આવ્યા ત્યારે ડો. દુધિયાના એક્સ-રે અને બ્લડ ટેસ્ટ કરાવવના નિદાનના કારણે જ ઘરનું માહોલ ખૂબ અશાંત અને ભયભીત થઇ ગયું હતું.

"કુદરતે આપણને સમૃદ્ધિ આપી, પરંતુ સાથે-સાથે ગયા જન્મમાં કરેલા કોઇ ખરાબ કર્મનું ફળ પણ આપ્યું. બિચારો આટલો નાનો છોકરો આવી શારીરિક પીડાના ભરડામાં આવી ગયો. મને લાગે છે કે સમય આપણી અને આ નાનકડા જીવની મોટી પરીક્ષા લઇ રહ્યો છે." દાદા હિંમતભાઇએ આંખમાં આવેલા આંસુ લૂછતા પરિવારજનો સામે જોઇ કહ્યું હતું.

પ્રિતેશના જીવનમાં આ ઘટના મે મહિનામાં શરૂ થઇ હતી. એ વખતે શાળાનું વેકેશન હતું. પ્રિતેશ એ સમયે સાધના વિનય મંદિર, પ્રિતમનગરમાં ભણતો હતો.

મિત્રો સાથે બહાર રમવા જવાની વાત તો બહુ દૂર રહી, પરંતુ પથારીમાંથી બેઠા થવા માટે પણ માતા પ્રતિમાબેનના સહકાર વગર એના માટે શક્ય ન હતું. પથારીમાંથી ઊભા થઇને ચાલવાનું તો સંપૂર્ણપણે અશક્ય થઇ ગયું હતું.

"ગુરુજી અમદાવાદમાં કાલે આવ્યા છે. આપણે એમની પાસે પ્રિતેશને લઇ જઇએ. એ ચોક્કસ કોઇ ને કોઇ માર્ગ બતાવશે અને આશીર્વાદ આપશે." દાદા હિંમતભાઇએ કહ્યું હતું.

બીજા દિવસે સવારે અસહ્ય શારીરિક પીડા ભોગવી રહેલા પ્રિતેશને ઉંચકીને પરિવારજનો ગુરુજી પાસે લઇ આવ્યા હતાં.

ગુરુજીએ પ્રિતેશની હાલત જોઇ આંખ બંધ કરી અને ઊંડા ધ્યાનમાં સરી ગયા. લગભગ દસ મિનિટ બાદ એમણે આંખો ખોલી હતી.

"હિંમતભાઇ, મને એવું લાગે છે કે આ બાળક કોઇ અદ્વિતીય કાર્ય કરવા આ ધરતી ઉપર આવ્યો છે. એની શારીરિક પીડા જીવનભર સમાપ્ત નહીં થાય. સત્ય એ જ છે કે તમે એની આ અવસ્થાને સ્વીકારી લો અને કુદરતના ગર્ભમાં છુપાયેલું આ બાળક માટેનું સત્ય તમારી આંખ સમક્ષ આવે એની રાહ જુઓ." ગુરુજીની વાત સાંભળી પ્રિતેશના દાદા, પિતા તેમજ પરિવારજનો સંપૂર્ણપણે તૂટી ગયા હતાં.

"ગુરુજીને જે લાગ્યું હશે એ ગુરુજીએ કીધું છે. પરંતુ આપણે પ્રયત્ન ના છોડવો જોઇએ. હજી તો એને આ પીડા થયાને બે જ દિવસ થયા છે. આ રોગ શું છે? એ આજે સાંજે ડો. દુધિયાને એક્સ-રે અને બ્લડ રિપોર્ટ બતાવવા જઇશું એટલે કહેશે અને એની દવા પણ ચોક્કસ ડોક્ટર લખશે. મને લાગે છે કે એનાથી એનો આ રોગ મટી જશે." પ્રિતેશના પિતાએ સકારાત્મક અભિગમ સાથે ડોક્ટરના શરણે જવાનો નિર્ણય લીધો હતો.

સાંજે છ વાગે પ્રિતેશના પિતા અશોકભાઇ અને માતા પ્રતિમાબેન બંન્ને ડો. દુધિયાને એક્સ-રે અને બ્લડ રિપોર્ટ બતાવવા માટે ગયા હતા.

"હું તમને દવા લખી આપું છું. આ દવાથી ચોક્કસ ફરક પડી જ જશે. એક્સ-રે અને બ્લડ રિપોર્ટ નોર્મલ છે. કોઇ રોગ જણાતો નથી." એક્સ-રે અને બ્લડ રિપોર્ટ જોયા બાદ ડો. દુધિયાએ આ પ્રમાણે કહ્યું હતું અને છ-સાત પ્રકારની દવાઓ પણ લખી આપી હતી.

દવા લઇને અશોકભાઇ અને પ્રતિમાબેન ઘરે પરત આવ્યા.

"ડો. દુધિયા કહે છે કે બધાં રિપોર્ટ નોર્મલ છે તો પછી આ પગમાં અને ઢીંચણમાં સોજા કેમ આવે છે?" દાદા હિંમતભાઇએ પ્રિતેશના પિતાને પૂછ્યું હતું.

"ડો. દુધિયાએ મારા પૂછવા છતાં પણ સોજા કેમ છે એનું કારણ જણાવ્યું નથી. પંદર દિવસ દવાઓ આપણે આપીએ. કદાચ આનાથી ફરક પડી જશે." પ્રિતેશના પિતાએ પણ થોડાંક નિરાશ સ્વરે જવાબ આપ્યો હતો.

પ્રિતેશની જિંદગી દવા અને દુખાવા વચ્ચે ગોકળગાયની ગતિએ આગળ વધી રહી હતી. દવાથી કોઇ ખાસ ફરક પડ્યો હતો નહિ અને સ્કૂલ ખુલવાની તારીખ નજીક આવી ગઇ હતી.

"પ્રિતેશને સ્કૂલે તો મોકલવો પડશેને? આ રીતે પથારીમાં જ રહેશે તો એનું ભવિષ્ય સાવ અંધકારમય થઇ જશે." માતા પ્રતિમાબેને પિતા અશોકભાઇને કહ્યું હતું.

"તું આની હાલત તો જો. આ પથારીમાંથી ઊભો થઇ શકતો નથી. ભૂલથી પણ એના શરીરે હાથ લાગી જાય તો દુઃખાવો એને થાય છે. આવા સંજોગોમાં સ્કૂલે જવાની વાત વિચારવી પણ અશક્ય છે. ડો. દુધિયાની દવાથી હજી કોઇ ફરક જણાયો નથી. ડો. રશ્મિ વોરા એક ઓર્થોપેડિક સર્જન છે. આજે જ મને એક વેપારીએ પ્રિતેશને એમને બતાવવાની સલાહ આપી છે. આપણે એમને બતાવીએ. ચોક્કસ એમની પાસે આ પ્રકારના રોગની કોઇ દવા હશે અને રોગ પણ શું છે એ ખબર પડી રહી નથી એ પણ નવાઇની વાત છે." આમ કહી તેઓ ઊભા થઇ ગયા હતાં.

બીજા દિવસે ડો. રશ્મિ વોરા જે ઓર્થોપેડિક સર્જન હતા એમને બતાવવા માટે પ્રિતેશને એના માતા-પિતા લઇ ગયા હતાં.

“આ છોકરાને થયેલી બિમારી પકડાતી નથી, માટે મુંબઇમાં બાળરોગ નિષ્ણાંત ડો. એસ. એમ. મર્ચન્ટ છે. હરકિશનદાસ હોસ્પિટલ મુંબઇમાં એ આવતા હોય છે. એમનો અભિપ્રાય લેવો જોઇએ.” આટલું બોલી ડો. રશ્મિ વોરાએ પોતાના હાથ અધ્ધર કરી દીધા.

મુંબઇના બાળચિકિત્સક ડો. એસ. એમ. મર્ચન્ટ ભારતભરમાં પ્રખ્યાત હતાં. એમની એપોઇન્ટમેન્ટ ત્રણ મહિના પહેલા મળતી ન હતી. એમની એપોઇન્ટમેન્ટ તો અશોકભાઇએ પોતાના દીકરા માટે લઇ લીધી અને એ દરમ્યાન અમદાવાદના બીજા બાળરોગ નિષ્ણાંત ડો. સુબોધ શાહ તેમજ એમના જેવા બીજા અમદાવાદના પ્રતિષ્ઠિત ડોક્ટરોની દવા પણ કરી, પરંતુ પરિણામ શૂન્ય આવ્યું. હોમિયોપેથીક અને આયુર્વેદિક દવાઓ પણ પ્રિતેશની આ બિમારી સામે દમ છોડી ચૂકી હતી.

પ્રિતેશની પીડા દિન-પ્રતિદિન વધી રહી હતી. જેમ તેમ કરીને ત્રણ મહિના પસાર કર્યા અને ડો. એસ. એમ. મર્ચન્ટની એપોઇન્ટમેન્ટના દિવસે હરકિશનદાસ હોસ્પિટલમાં પહોંચ્યા. લગભગ ચાર કલાકની પ્રતિક્ષા પછી પ્રિતેશનો નંબર આવ્યો હતો.

“તમે અહીં આવવામાં બહુ મોડું કર્યું. આ રૂમેટોઇડ આર્થરાઇટિસ નામનો રોગ છે. મોટેભાગે આ રોગ ઇન્ડિયામાં મોટી ઉંમરના લોકોને થતો હોય છે. અમેરિકા અને બ્રિટનમાં આવા બહુ કેસ મેં જોયા છે. પરંતુ બાળકોમાં ઇન્ડિયામાં મારા જીવનમાં આ કેસ મેં પહેલો જોયો છે. એને પાંચ દિવસ હોસ્પિટલમાં દાખલ કરવો પડશે, ત્યાં તેના બ્લડ ટેસ્ટ, એક્સ-રે વગેરે થશે અને અમારી દેખરેખ હેઠળ દવા ચાલુ કરવામાં આવશે.” ડો. એસ. એમ. મર્ચન્ટ પ્રિતેશનું ચેક-અપ કરતા બોલી રહ્યા હતાં.

પ્રિતેશને હરકિશનદાસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જે આજે એચ. એન. રિલાયન્સ હોસ્પિટલના નામે ઓળખાય છે.

પાંચ દિવસ ત્યાં આપવામાં આવેલી દવા બાદ બંન્ને ઢીંચણ અને બંન્ને ઘૂંટીમાં સોજા તો રહ્યા, પરંતુ દુઃખાવો જતો રહ્યો અને પ્રિતેશ ચાલતો થઇ ગયો. ડોક્ટરે દવા લખી આપી અને હોસ્પિટલમાંથી રજા આપી.

અમદાવાદ પરત આવ્યા બાદ પ્રિતેશના પરિવારજનોને થયું કે દવા લાગુ પડી ગઇ છે. અંધકાર જીવનમાંથી જતો રહ્યો છે અને ફરી પાછો સૂરજ ઉગ્યો છે.

દવા ગ્લેક્સો કંપનીની બેટનેસોલ નામની એક ગોળી હતી. આ એક સ્ટીરોઇડ હતી. જે ચાર મહિના માટે જ લેવાની હતી. પરંતુ ડોક્ટરે ચાર મહિના બાદ ફરી બતાવવા આવવું એવી ચોખવટ કરી ન હોવાના કારણે દવા પ્રિતેશ સતત બે વર્ષ સુધી લેતો રહ્યો. જો એક પણ દિવસ એ દવા ના લે તો પથારીમાંથી ઊભો ના થઇ શકે. પરંતુ દવા લે એટલે સ્કૂલે જઇ શકે, ક્રિકેટ રમી શકે, પોતાનું નોર્મલ જીવન આરામથી પસાર કરી શકે.

“જેમ આ સ્કૂટરમાં પેટ્રોલ નાંખવાથી સ્કૂટર ચાલે છે એમ આ દવા ખાવાથી તારા પગ દોડી રહ્યા છે.” દાદી ઘણીવાર હસીને આવું પ્રિતેશને કહેતા પણ ખરા.

દર પંદર દિવસે દવા પૂરી થાય એટલે પ્રિતેશ અશોકનગરમાં આવેલી પૂર્વી મેડિકલમાં એ દવા લેવા જાતે જ જતો હતો.

એક દિવસ પૂર્વી મેડિકલના માલિક જે એક વૃદ્ધ કાકા હતાં એમણે કહ્યું,

“બેટા, આ દવા બહુ જ ખતરનાક છે. તું છેલ્લા બે વર્ષથી અહીંયાથી આ દવા લઇ જાય છે. તારા ઘરવાળાઓને કહે કે ડોક્ટરને બતાવે. જેમણે આ દવા લખી છે. આ દવા બહુ લેવી સારી નહિ.” પૂર્વી

મેડિકલ વાળા કાકાએ પોતાની માણસાઇ બતાવતા કહ્યું હતું.

પ્રિતેશે ઘરે આવીને આ વાત એની મમ્મીને કહી અને મમ્મીએ ઘરના બધાંને આ વાત જણાવી હતી.

પ્રિતેશના પિતા અને એના દાદાએ એવું નક્કી કર્યું કે મુંબઇ જઇ એકવાર ડો. મર્ચન્ટનો ઓપિનિયન ફરીવાર લેવો જોઇએ.

ડો. મર્ચન્ટની ફરીવાર ત્રણ મહિના બાદની એપોઇન્ટમેન્ટ મળી. ત્રણ મહિના બાદ એમની કેબિનમાં જ્યારે પ્રિતેશ એના માતા-પિતા સાથે જઇને બેઠો અને કેસ ફાઇલ જોતાં જ ડો. મર્ચન્ટ ભડકી ગયા હતાં.

"તમે લોકો બે વર્ષ પછી આ છોકરાને લઇને આવો છો. આ દવા ચાર મહિનાથી વધારે લેવાય નહિ. તમે આને સંજીવની સમજતા હતાં? આ સંજીવની નહિ, સ્ટીરોઇડ છે. પંચોતેર વર્ષના માણસને પણ ચાર મહિનાથી વધારે આ ગોળી ના અપાય. તમે બે વર્ષ પહેલા આ છોકરાને લઇને આવ્યા ત્યારે એની ખૂબ જ સીરિયસ કન્ડીશન હતી અને માટે મેં આ દવા ચાર મહિના માટે જ લેવાની લખી હતી. તમે લોકોએ આ દવા બે વર્ષ સુધી આપીને આખો કેસ બગાડી નાંખ્યો છે. જે દવા મેં તમને ફાયદા માટે આપી હતી એ દવાએ બે વર્ષમાં આ છોકરાનું ખૂબ નુકસાન કર્યું છે. હવે એની હાઇટ પણ નહીં વધે અને આ દવા બંધ કરવી જ પડશે અને દવા બંધ થશે એટલે એ પાછો પથારીમાં આવી જશે. તમે આ છોકરાનું જીવન નોર્મલ બનાવવા ઇચ્છતા હતાં, પરંતુ આ એક ભૂલથી એનું જીવન નરક કરતા પણ વધારે ખતરનાક બની જશે." ગુસ્સાથી લાલચોળ થયેલા ડો. એસ. એમ. મર્ચન્ટનું મોંઢુ એ વખતે પ્રિતેશને વિકરાળ સિંહ જેવું લાગ્યું હતું.

પ્રિતેશ અને એના માતા-પિતા એને લઇને નિરાશ મનથી અમદાવાદ પાછા આવ્યા.

ધીરે-ધીરે ગ્લેક્સોની બેટનેસોલ ગોળી બંધ કરવામાં આવી. જેના કારણે ફરીવાર એ પથારીવશ થઇ ગયો.

"ગુરુજી સાચું કહેતા હતાં કે એનો આ રોગ ક્યારેય મટશે નહિ. આપણે એમના શબ્દો પર વિશ્વાસ રાખ્યો હોત અને મુંબઇ ના ગયા હોત તો આનું જીવન બરબાદ થતાં અટકી ગયું હોત. ડોક્ટરે ચાર મહિના સુધી જ દવા લેવાની છે એવું એમના પ્રિસ્ક્રિપ્શનમાં લખ્યું નથી અને એમની ભૂલ આપણા ઉપર નાંખે છે. કાલે આપણે એને ગુરુજી પાસે લઇ જઇએ." પ્રિતેશની હાલત જોઇ દાદાએ ફરીવાર ગુરુજીના શરણમાં જવાનો વિચાર કર્યો હતો.

પ્રિતેશના માતા પ્રતિમાબેન રોજ એને સ્કૂલના પાઠ્યપુસ્તક ભણાવતા હતાં. પ્રિતેશને ગણિત અને વિજ્ઞાનનો વિષય ભણાવવા માટે ઘરે ટ્યુશન માટે એક શિક્ષિકા બેન પણ રાખવામાં આવ્યા હતાં, પરંતુ આમ જોવા જાઓ તો બધું જ વ્યર્થ હતું.

ગુરુજીને મળવા અને એમના આશીર્વાદ માટે પ્રિતેશને લઇ જવામાં આવ્યો.

" હિંમતભાઇ, તમે આ બાળક પાછળ દવાઓમાં ખર્ચા કરો છો એના કરતા એને જ્ઞાન અપાવવાનું કાર્ય હાથ ધરો. આ બાળકની લલાટ ચમકે છે. આ ખૂબ જ્ઞાની બનશે અને જીવનમાં બહુ જ મોટું કાર્ય કરશે. એક દિવસ એવો આવશે કે દુનિયા એના નામથી તમને ઓળખશે." ગુરુજીએ એમની અમૃતવાણી ફરીથી એક અલગ શબ્દોમાં ઉચ્ચારી હતી.

"ગુરુજી, હવે તો આપનું શરણ જ છે. એ મોટો માણસ બને કે ના બને, એ જ્ઞાની બને કે ના બને પરંતુ આપ કહશો તે પ્રમાણે અમે આગળ વધીશું." દાદા હિંમતભાઇએ ગુરુજી સામે જોઇ કહ્યું હતું.

પ્રિતેશને રોજ ઉંચકીને સ્કૂલે લઇ જવામાં આવતો અને સાંજે ગુરુજી પાસે લઇ જવામાં આવતો હતો. પ્રિતેશનું સ્કૂલનું અને આધ્યાત્મિક ભણતર આ રીતે આગળ વધી રહ્યું હતું.

"ગુરુજી આશ્વાસન આપે છે કે આ છોકરો કશુંક કરશે, પરંતુ એના સોજાવાળા હાથથી પેન્સિલ પણ પકડી શકતો નથી. મને લાગે છે કે આના જીવનનું અહીંયા જ પૂર્ણવિરામ આવી ગયું છે. હવે એ આ રીતે જ આખી જિંદગી પસાર કરશે." દાદાએ નિરાશ સ્વરમાં પ્રિતેશના દાદી કંચનબેનને કહ્યું હતું.

"ગુરુની વાણી ક્યારેય વિફળ જતી નથી. એમના મુખમાંથી નીકળેલા શબ્દો સાચા પડશે અને ચમત્કાર થશે એવું મને લાગે છે." પ્રિતેશના દાદી કંચનબેને જવાબ આપ્યો હતો.

દાદા-દાદી જ્યારે વાત કરતા હતાં ત્યારે પ્રિતેશ આ વાત સાંભળી રહ્યો હતો.

" મમ્મી, દાદી આજે કહેતા હતાં કે મારા જીવનમાં ચમત્કાર થશે. આ ચમત્કાર શું છે?" પ્રિતેશે આશ્ચર્ય સાથે માતા પ્રતિમાબેનને પૂછ્યું હતું.

"બેટા, ચમત્કાર એટલે આપણે ક્યારેય કલ્પ્યું ના હોય, વિચાર્યું ના હોય એવું કંઇક થાય એને ચમત્કાર કહેવાય. પરંતુ તું ખાલી એક જ વાત પર ધ્યાન રાખ, સ્કૂલના ભણવામાં અને ગુરુજીએ જે પંડિતો રાખ્યા છે એ જે ભણાવે એ ભણવામાં તારું ધ્યાન કેન્દ્રિત કર. આ જ્ઞાન ભવિષ્યમાં કામમાં આવશે કે નહિ એ વિચાર્યા વગર જ્ઞાન લેવાનું કાર્ય કર." પ્રિતેશના માતાએ પ્રિતેશને સમજાવતા કહ્યું હતું.

કોઇના જીવનમાં રાતોરાત ચમત્કાર થયો હોય એવી પહેલી ઘટના પ્રિતેશે એના જીવનમાં અનુભવી હતી.

આધ્યાત્મિક જ્ઞાન અને સ્કૂલના ભણતરથી એટલું એને સમજાતું ગયું કે જો હું જ્ઞાન પ્રાપ્ત કરીશ તો કોઇ જ તાકાત મને જીવનમાં અટકાવી નહીં શકે અને એણે એટલે જ આધ્યાત્મિ જ્ઞાનના અલગ-અલગ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને એ એમાં નિષ્ણાંત બન્યો. સાથે-સાથે એલ. જે. કોમર્સ કોલેજમાંથી ગ્રેજ્યુએશન પણ પ્રાપ્ત કર્યું.

મંત્રશાસ્ત્રમાં ખૂબ જ ઊંડી રૂચિ હોવાના કારણે મંત્રશાસ્ત્રનો પ્રિતેશે ઊંડો અભ્યાસ કર્યો, જેના કારણે એ પોતે આજના કળિયુગમાં ઊભા થતાં લોકોના પ્રશ્નોના ઉકેલ લાવી આપે એવા મંત્ર અને મંત્રશક્તિપાતની રચના કરવાનું શરૂ કર્યું. એ મંત્ર અને મંત્રશક્તિપાત એણે લોકોને આપવાનું શરૂ કર્યું અને લોકોના કાર્યો પૂર્ણ થવા લાગ્યા અને લોકોના જીવનમાંથી દૂર થતું લોકોનું દુઃખ પ્રિતેશને આનંદ આપવા લાગ્યું હતું.

પ્રિતેશે સદ્ગુરૂ ૐઋષિ સ્વામી નામનું આધ્યાત્મિક નામ ધારણ કરી ૧૯૯૬માં ૐકાર સંપ્રદાય નામનો ધાર્મિક અને આધ્યાત્મિક પથની રચના કરી અને ૐકાર ચાલીસા અને નવદુર્ગા ચાલીસા જેવા અજર અમર ચાલીસાઓની રચના પણ કરી. જે રચનાઓ મનુષ્યજીવન આ ધરતી ઉપર રહેશે ત્યાં સુધી એમના જીવનમાં આવતા કષ્ટોનું નિવારણ કરશે.

૨૦૨૨ સુધીમાં સદ્ગુરુ ૐઋષિ સ્વામી ઉર્ફે પ્રિતેશ ઉર્ફે ૐગુરુના દુનિયામાં લાખો ભક્તજનો બન્યા અને બની રહ્યા છે.

આ સત્યઘટનાને ફિનિક્સ પંખીની જેમ જ ગણી શકાય કે પથારીમાં રહેલો બાળક જે જીવનમાં ક્યારેય કશું જ નહીં કરી શકે એવું માનવાવાળા ડોક્ટરોથી લઇ પરિવારજનો સુધ્ધા આ ચમત્કારિક રીતે એને આધ્યાત્મિક ક્રાંતિ કરતો જોઇ રાખમાંથી એક અકલ્પીય ચમત્કાર જ સર્જાયો હોય એવું માનવા માટે મજબૂર બન્યા અને ઈશ્વર જેવું કશુંક છે અને કુદરતના ચમત્કારને નમસ્કાર છે, જો તમે આ ઘટનાને વિચારશો તો સદ્ગુરુ ૐઋષિ સ્વામી ઉર્ફે પ્રિતેશ ઉર્ફે ૐગુરુના જીવનમાં ચમત્કાર સર્જાયો છે એવું તમે ચોક્કસ માનશો.

લિ.
ૐગુરૂ

# રીપોર્ટ બધા નોર્મલ આવ્યા

મારા પતિ ધર્મેશભાઈની શારીરિક પીડા વધતી જતી હતી. રીપોર્ટો બધા નોર્મલ આવતા હતા, પરંતુ શરીરમાં દુખાવો, પીડા પુષ્કળ રહેતી હતી. રાત્રે બરાબર ઊંઘ પણ આવતી ન હતી. ખાવા-પીવાની જરા પણ ઈચ્છા થતી ન હતી. શારીરિક અને માનસિક બધા જ રીપોર્ટો કઢાવ્યા, પરંતુ રીપોર્ટો નોર્મલ આવવાના કારણે શું કરવું એ સમજાતું ન હતું.

આ વાતને છ મહિના થયા હશે. એ સમયે અમારા પડોશમાં સુનીલભાઈ રહેવા આવ્યા. એમનું ઘર રીડેવલોપમેન્ટમાં ગયું હતું. ધર્મેશની હાલત વિશે એમને ખબર પડતા એમણે ગુરુજીને મળવાની સલાહ આપી.

મેં અને મારા પતિએ વિચાર્યું કે કદાચ કુદરત આ પીડામાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવી રહી છે એમ સમજી અમે સુનીલભાઈ સાથે પ.પૂ. ગુરુજીને મળવા અને આશીર્વાદ લેવા માટે ગયા. પ.પૂ. ગુરુજીએ મારા પતિની મુખમુદ્રા અને ઓરા જોઈને કહ્યું કે ‘‘ત્રુંબાકી’’ નામનો અવરોધ એમની ઓરામાં દેખાય છે. જેનું પૂર્ણ સમાધાન કરવાથી તમારી આ શારીરિક સમસ્યા દૂર થઈ જશે. પ.પૂ. ગુરુજીની સૂચના પ્રમાણે અમે આગળ વધ્યા.

બે મહિનામાં મારા પતિને ત્રીસેક ટકા જેટલી રાહત દેખાઈ અને ચાર મહિના બાદ તો એ સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગયા. જે ટેકો લીધા વગર બેડરૂમમાંથી ડ્રોઈંગરૂમમાં નહોતા આવી શકતા એ હવે બાઈક ચલાવીને જોબ માટે અમદાવાદથી ગાંધીનગર જાય છે. અમારા બંન્ને માટે તો આ એક ચમત્કાર જ છે, પરંતુ ઘરના સદસ્યો અને સ્વજનોએ મારા પતિની જે હાલત દેખી હતી એમના માટે તો મારા પતિનું સાજું થવું એ તો અવિશ્વસનીય જ છે.પરમ પૂજ્ય સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના ચરણોમાં મારા અને મારા પતિના સાષ્ટાંગ દંડવત પ્રણામ....

લિ. લતા ધર્મેશ ચૌહાણ (અમદાવાદ)

**આપ પણ આપના જીવનમાં કોઇ શારીરિક પીડાથી ઘેરાયેલા હોય તો રોજ ૐકાર ચાલીસાનો પાઠ નિત્ય કરવો અને યુટ્યુબમાં સદ્ગુરૂ ૐઋષિ ચેનલ પર ગુરુજી દ્વારા આપવામાં આવતો શારીરિક કષ્ટ નિવારણ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો.**

## જૂની સંપત્તિ પ્રાપ્ત થઇ

પરમ પૂજ્ય ગુરુજીની પાવન નિશ્રામાં યોજાયેલ ૐ શ્રી આકસ્મિક ધનલાભ મહાપૂજનમાં મેં ભાગ લીધો હતો. આ પૂજનમાં ભાગ લીધા બાદ લગભગ એક મહિના બાદ એટલે કે દિવાળીની આસપાસ મારા માતૃશ્રીનું પિયર જે ગામમાં થાય છે ત્યાં મારા નાનાના નામની ૫૦ વીઘા જમીન નીકળી આવી. આ જમીન જે ભાઈના કબજામાં હતી એમણે મને દસ્તાવેજ કરી આપવાની માંગણી કરી.

હું મહિને સાંઈઠ હજાર રૂપિયાની જોબ કરતો હતો. જે દિવસે હું આકસ્મિક ધનલાભ મહાપૂજનમાં બેઠો અને મહિના પછી મારા નાનાની જમીન જેના ઉપર આ ભાઈનો કબજો હતો એમણે સામેથી આવીને મને અમારી જમીન વિશે જણાવ્યું અને ખૂબ સારી રકમ આપી મારી પાસેથી દસ્તાવેજ કરાવી લીધો.

જમીનની સારી રકમ મળવાથી મહિને સાંઈઠ હજારની નોકરી કરનાર વ્યક્તિની એટલે કે મારી અને મારા દીકરાના ભવિષ્યની પણ ચિંતા ટળી ગઈ. ટૂંકમાં કહું તો રાતોરાત આર્થિક ખેંચતાણમાંથી તો મુક્તિ મળી જ પરંતુ એક ઉત્તમ ભવિષ્યનું પણ નિર્માણ એક દિવ્ય મહાપૂજનમાં બેસવા માત્રથી મને થયું.

છેલ્લે એટલું ચોક્કસ કહીશ કે ગુરુજી દ્વારા કરાવવામાં આવતા મહાપૂજન, યજ્ઞ, ક્રિયાયોગ, સાધના અવશ્ય કરવી જોઈએ. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં મારા કોટી કોટી વંદન....ૐ નમઃ...

લી. નિશાંત દોશી (વડોદરા)

**આપ પણ આપના જીવનમાં આવો જ કોઇ ચમત્કાર જોવા ઇચ્છતા હોય તો પરમ પૂજ્ય ગુરુજી દ્વારા કરાવવામાં આવતા ૐ શ્રી આકસ્મિક ધનલાભ મહાપૂજનનો લાભ અવશ્ય લેવો તેમજ ૐકાર ચાલીસાનો પાઠ નિત્ય કરવો.**

## આખો પરિવાર આબાદ બચી ગયો

અમે પોરબંદરથી રાજકોટ જઈ રહ્યા હતા. રાત્રે દસ વાગે અમે ઘરેથી નીકળ્યા હતા. રાજકોટમાં મારા ભાઈના ત્યાં રહેતા મારા માતૃશ્રીની તબિયત અચાનક ખરાબ થઈ હતી એટલે અમારે તાત્કાલિક નીકળવું પડ્યું. મારી પત્ની દિવ્યાના કહેવાથી અમે ૐકાર ચાલીસાનો પાઠ કરીને પછી નીકળ્યા હતા.

ગાડી ચલાવતા લગભગ કલાક થયો હશે અને મને ઝોકુ આવ્યું. બરાબર એ જ સમયે મને જોરથી મારા કાનમાં અવાજ સંભળાયો ''જાગી જા'' અને મારી આંખ એકદમ ખુલી ગઈ અને મેં જોરથી બ્રેક મારી,

કારણકે આગળ વળાંક હતો. જોરથી બ્રેક મારવાથી મારી પત્ની અને બાળકો પણ જાગી ગયા. મેં ગાડી સાઇડમાં ઊભી રાખી અને દિવ્યાને કહ્યું કે "જાગી જા" અવાજ એ ગુરુજીનો જ હતો. જો ગુરુજીએ મને ના જગાડ્યો હોત તો આપણે બચ્યા ના હોત. ત્યારબાદ ગુરુજીના નામનું સ્મરણ કરી અને અમે રાજકોટ પહોંચી ગયા. મારા માતૃશ્રીની તબિયત પણ હવે સુધારા ઉપર છે. ગુરુજીના ચરણોમાં શત્ શત્ નમન...

લી. દિનેશ અને દિવ્યા (પોરબંદર)

**આપ જો ૐકાર ચાલીસાનું નિત્ય પઠન અને લેખન કરશો તો ગુરુજીના દિવ્ય આશીર્વાદની ઊર્જા આપને સતત મળતી રહેશે.**

## અમેરિકામાં મારું ગ્રીનકાર્ડ થઇ ગયું

છેલ્લા એક વર્ષથી એટલેકે ૨૦૨૪માં મારું ગ્રીનકાર્ડ મને મળે એવી શક્યતા હતી, પરંતુ સતત એમાં કોઇ ને કોઇ query આવતી હતી. અમેરિકામાં સરકાર બદલાઇ એટલે મારો વિશ્વાસ સંપૂર્ણપણે તૂટી ગયો હતો. મેં માની લીધું હતું કે હવે તો ગ્રીનકાર્ડ નહીં જ મળે.

નડિયાદમાં રહેતા મારા મિત્ર દીપકે મને ગુરુજીનું માર્ગદર્શન લેવાની સલાહ આપી અને કહ્યું કે "જો ગુરુજી તારા માથે હાથ મુકી દેશે તો તારું ગ્રીનકાર્ડ થતા કોઇ રોકી શકશે નહિ." હું તો બધી આશ છોડી ચૂક્યો હતો, પરંતુ દીપકની વાત પર વિશ્વાસ રાખી મેં પરમ પૂજ્ય ગુરુજીને આખી બાબત જણાવી અને એમની સૂચના પ્રમાણે મંત્ર અને ૐકાર ચાલીસા કરવાનું શરૂ કર્યું.

સાચું કહું તો મંત્ર અને ૐકાર ચાલીસા કરવાથી ગ્રીનકાર્ડ મળી જશે એવી વાત મારા મગજમાં બેસતી ન હતી છતાં મેં નિયમિતપણે એનો પાઠ ચાલુ રાખ્યો. આ પ્રક્રિયા શરૂ કર્યા ને પંદર જ દિવસમાં ગ્રીનકાર્ડ વિશેનું કન્ફર્મેશન આવી ગયું.

સાચું કહું તો અમેરિકામાં રહેતા આજે દરેક ભારતીય મારી સાથે સંમત થશે જ કે અત્યારના સમયમાં દસ વખત query આવ્યા બાદ ગ્રીનકાર્ડ આવી જવું એને ચમત્કાર જ કહી શકાય. બીજું કોઇ વિશ્લેષણ કે બીજી કોઇ વાત અહીં સટીક બેસે નહિ. પ.પૂ. ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન.....

લી. ધ્રુવ પટેલ (USA)

**આપ પણ આપના જીવનમાં આવો જ કોઇ ચમત્કાર જોવા ઇચ્છતા હોય તો પ.પૂ. ગુરુજીના આદેશ પ્રમાણે આગળ વધવું તેમજ ૐકાર ચાલીસાનો પાઠ નિત્ય કરવો.**



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

## વિરચિત

# ૧૨ જ્યોતિર્લિંગ સ્તુતિ

**ૐ શિવામહે ત્રતા, ત્રતા સિદ્ધામહે ।**
**સિદ્ધા સોમનાથેશ્વર ત્રતા, ત્રતા મલ્લિકાર્જુન સિદ્ધામહે ।**
**શક્તિ મહાકાલેશ્વર ત્રતા, ત્રતા ૐકારેશ્વર સિદ્ધામહે ।**
**વાજમ વૈદ્યનાથેશ્વર ત્રતા, ત્રતા ભિમાશંકર સિદ્ધામહે ।**
**રામા રામેશ્વર ત્રતા, ત્રતા નાગેશ્વર સિદ્ધામહે ।**
**બ્રહ્માંડે વિશ્વનાથે ત્રતા, ત્રતા ત્રંબકેશ્વર સિદ્ધામહે ।**
**કૈલાશે કેદારેશ્વર ત્રતા, ત્રતા ધુષ્મેશ્વર સિદ્ધામહે ।**

**ૐ શિવામ્ શિવામ્ નમઃ**
**ૐ નમઃ ૐ નમઃ ૐ નમઃ**

અર્થ :

- ત્રતા : ઓરામાં રહેલી ઊર્જા
- સિદ્ધામહે : સિદ્ધ થાય / મનોકામના પૂર્ણ કરે


सोमनाथ


महाकालेश्वर


ओमकारेश्वर


मल्लिकार्जुन


काशीविश्वनाथ


धुष्मेश्वर


रामेश्वर


भीमाशंकर


बैद्यनाथ


केदारनाथ


नागेश्वर


त्र्यंबकेश्वर

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૦૪-૨૦૨૫ | સોમવાર | ૐ લક્ષ્મીત્ય | ૬-૦૫-૨૦૨૫ | મંગળવાર | ૐ ભુવનેશ્વરી દેવી |
| ૨૨-૦૪-૨૦૨૫ | મંગળવાર | ૐ લક્ષ્મીતા | ૭-૦૫-૨૦૨૫ | બુધવાર | ૐ ચકેશ્વરી દેવી |
| ૨૩-૦૪-૨૦૨૫ | બુધવાર | ૐ કુબેરદેવ | ૮-૦૫-૨૦૨૫ | ગુરુવાર | ૐ પદમાવતી દેવી |
| ૨૪-૦૪-૨૦૨૫ | ગુરુવાર | ૐ ક્ષેત્રપાળવીર | ૯-૦૫-૨૦૨૫ | શુક્રવાર | ૐ શક્તિદેવી |
| ૨૫-૦૪-૨૦૨૫ | શુક્રવાર | ૐ રાજસ્વદેવ | ૧૦-૦૫-૨૦૨૫ | શનિવાર | ૐ સિદ્ધાતી |
| ૨૬-૦૪-૨૦૨૫ | શનિવાર | ૐ શ્રી રામ | ૧૧-૦૫-૨૦૨૫ | રવિવાર | ૐ લાવિણ્ય |
| ૨૭-૦૪-૨૦૨૫ | રવિવાર | ૐ શ્રી કૃષ્ણા | ૧૨-૦૫-૨૦૨૫ | સોમવાર | ૐ રાહુસિદ્ધા |
| ૨૮-૦૪-૨૦૨૫ | સોમવાર | ૐ લક્ષ્મીદેવી | ૧૩-૦૫-૨૦૨૫ | મંગળવાર | ૐ કેતુસિદ્ધા |
| ૨૯-૦૪-૨૦૨૫ | મંગળવાર | ૐ અષ્ટલક્ષ્મી દેવી | ૧૪-૦૫-૨૦૨૫ | બુધવાર | ૐ બુધસિદ્ધા |
| ૩૦-૦૪-૨૦૨૫ | બુધવાર | ૐ અન્નલક્ષ્મી દેવી | ૧૫-૦૫-૨૦૨૫ | ગુરુવાર | ૐ મંગળસિદ્ધા |
| ૧-૦૫-૨૦૨૫ | ગુરુવાર | ૐ ગજલક્ષ્મી દેવી | ૧૬-૦૫-૨૦૨૫ | શુક્રવાર | ૐ શુક્રસિદ્ધા |
| ૨-૦૫-૨૦૨૫ | શુક્રવાર | ૐ શિવામ | ૧૭-૦૫-૨૦૨૫ | શનિવાર | ૐ ગુરુસિદ્ધા |
| ૩-૦૫-૨૦૨૫ | શનિવાર | ૐ કમલા દેવી | ૧૮-૦૫-૨૦૨૫ | રવિવાર | ૐ સૂર્યસિદ્ધા |
| ૪-૦૫-૨૦૨૫ | રવિવાર | ૐ ત્રિપુરાસુંદરી દેવી | ૧૯-૦૫-૨૦૨૫ | સોમવાર | ૐ શનિસિદ્ધા |
| ૫-૦૫-૨૦૨૫ | સોમવાર | ૐ મહાદેવી | ૨૦-૦૫-૨૦૨૫ | મંગળવાર | ૐ ચંદ્રસિદ્ધા |



# ૐકાર ધ્યાન ભાગ - ૪

આજે હું આપને ૐકાર ધ્યાન ભાગ-૪ આપવા જઇ રહ્યો છું. તમે તમારી પોતાની વાતને જ્યારે શબ્દોમાં, ગીતમાં રજૂ કરો છો, તમે જે વાંચો છો, સમજો છો અને પછી તમે તમારા શબ્દોમાં જ્યારે રજૂઆત કરો છો ત્યારે જીભનો જે તમે ઉપયોગ કરો છો ત્યારે કટ એ વિશુદ્ધ ચક્રમાંથી આવે છે. અધ્યાત્મના માર્ગ પર જો તમે ચાલવા માંગતા હોય તો તમારું વિશુદ્ધ ચક્ર એ ઉત્તમ હોવું જોઇએ. ઉત્તમની વ્યાખ્યા છે કે એની આસપાસ એવું રક્ષાકવચ હોવું જોઇએ કે જે તમારી ઓરાને અને તમારી આત્માને પ્રજ્વલિત કરવામાં સફળ બનાવે.

જેમકે વિશુદ્ધ ચક્રમાં એવી શક્તિ છે કે જે તમારા મોક્ષના બીજને ખોલવાની સફળતા અપાવવામાં સહાય કરે છે. તમને એમ થાય કે વિશુદ્ધ ચક્ર તમે કોઇ સવાલ પૂછો છો તો તમે જીભના માધ્યમથી એ સવાલને પૂછો છો, તમે કોઇ મંત્ર કરો છો, કોઇ ધ્યાન અવસ્થામાં તમે કોઇ જાપ કરો છો, મનમાં રટણ કરો છો અથવા તો એમનેમ તમે ધ્યાનમાં બેઠા છો, કશું જ બોલતા નથી, મૌન છો એ અવસ્થામાં પણ તમારું વિશુદ્ધ ચક્ર એ બહુ જ ઉત્તમ રીતે સક્રિય તરત થઇ જાય છે. તો કેમ?

એનો જવાબ છે કે એ વિશુદ્ધ ચક્ર એક્ટીવ થવામાં સરળ છે, પરંતુ ઘણીવાર વિશુદ્ધ ચક્ર એટલું ડીસ્ટર્બ હોય કે બોલવાના અવાજની વાત હું નથી કરતો, પણ ડીસ્ટર્બન્સ એવું હોય કે એ તમારી આભામાં તમારી ઊર્જાને આગળ પહોંચવા ના દેતું હોય, કારણકે વિશુદ્ધ ચક્ર એ તમારી ઓરામાં આભામાં જે અધ્યાત્મની ઊર્જા તમે જે ધ્યાન કરો છો, મંત્ર કરો છો, જાપ કરો, સાધના કરો છો, વ્રત કરો છો, સંકલ્પ કરો છો, પ્રકલ્પ કરો છો એ વિશુદ્ધ ચક્રના માધ્યમથી ઓરામાં ફેલાતું હોય છે અને ત્યારે જો વિશુદ્ધ ચક્ર ડીસ્ટર્બ હોય તો આ બધું જ કર્યા હોવા છતાં પણ તમને એનો ફાયદો મળતો નથી.

તો આના માટે શું કરવું જોઇએ? તો એનો જવાબ છે કે ૐકાર ધ્યાન-૪ની પ્રક્રિયા જે આજે અહીં આપી સમજાવી રહ્યો છું તે પ્રમાણે ધ્યાનમાં આગળ વધવું.



॥ ૐ નમઃ ॥

# ૐકાર ધ્યાન-૪ની પ્રક્રિયા

(૧) સૌથી પહેલા આંખ બંધ કરી ૭ (સાત) વખત ॥ ૐ નમઃ ॥ બોલવું.

(૨) ત્યારબાદ પાંચ મિનિટ આંખ બંધ કરી ॥ ૐ વિશુદ્ધાતિ નમઃ ॥ આ મંત્ર મનમાં અથવા બોલીને પાંચ મિનિટ સુધી જાપ કરવાનો છે.

ધીરે-ધીરે એક મહિનો આ પ્રક્રિયા થશે ત્યારે તમારું વિશુદ્ધ ચક્ર સક્રિય થશે અને એ તમારી આધ્યાત્મિક ઊર્જા, આધ્યાત્મિક ચેતના, ૐકારના ધ્યાનના માધ્યમથી ત્રતા ઊર્જા જે તમે ભેગી કરેલી હશે એ તમારી આખી ઓરામાં ફેલાવશે અને આના કારણે ત્રતા ઊર્જાનું ઉત્પન્ન થવાની પ્રક્રિયા અદ્ભૂત થતી જશે, વધતી જશે.

તો ત્રતા ઊર્જાને ભેગી કરવા વિશુદ્ધ ચક્રને સક્રિય કરવું ખૂબ જ આવશ્યક છે અને એના દિવ્ય પરિણામો તમને તમારા લૌકિક જીવનમાં પણ ઘણાં દેખાશે. જેમકે પહેલો મુદ્દો કે તમે જ્યારે કોઇ વાતની રજૂઆત કરતા હશો ત્યારે પૂરી વાતની રજૂઆત કરશો અને સામેવાળી વ્યક્તિ તમારી વાતને બરાબર સારી રીતે સમજી શકશે.

બીજો મુદ્દો એ છે કે તમે વાત એટલી સારી રીતે સમજી શક્યા હશો કે નહિ સમજી શક્યા હોય પણ જ્યારે તમે રજૂઆત કરતા હશો ત્યારે ઓટોમેટીકલી વિશુદ્ધ ચક્ર તમને રસ્તો શોધી આપશે અને તમારી વાત સામેવાળા સુધી બરાબર પહોંચશે.

ત્રીજો અને મહત્ત્વનો મુદ્દો - ત્રતા ઊર્જા એ પૂર્ણ રીતે તમારી ઓરામાં ફેલાશે, તમારી આભામાં ફેલાશે, આત્મામાં ફેલાશે અને તમને તમારા અધ્યાત્મના પથ પર આગળ વધી ઈન્દ્રલોક જવાના માર્ગ પર સક્રિય રીતે સફળ બની શકશો.

ૐકારનું દિવ્ય ચૈતન્ય અને આશીર્વાદ ૐકાર ધ્યાન-૪ના માધ્યમથી આપના જીવનમાં વિશુદ્ધ ચક્રને સક્રિય બનાવવામાં ફળદાયી બને એવા મારા આશીર્વાદ છે.



## જાહેર આમંત્રણ

# “દર્શન માત્ર સે મિટે કષ્ટ”

**મંત્ર – દર્શન – ચમત્કાર**

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**

**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**12 એપ્રિલ, ૨૦૨૫**
**શનિવાર**

**શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**
**આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**શુભ સમય**

**સવારે 10 થી**
**બપોરે 1 કલાક સુધી**

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**